પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૬ | ૨૬ જુલાઈ, ૨૦૨૨, મંગળવાર; અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાષ્ટ્રપતિપદે દ્રૌપદી મુર્મૂનો શપથગ્રહણ

**ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એન વી રમનાએ તેમને શપથ લેવડાવ્યા : ભારતના સર્વોચ્ચ બંધારણીય પદ માટે ચૂંટવા બદલ હું તમામ સાંસદો અને તમામ વિધાનસભા સભ્યોનો હાર્દિક આભાર માનું છું : દ્રૌપદી મુર્મૂ**



નવી દિલ્હી,તા.૨૫

દ્રૌપદી મુર્મૂએ આજે દેશના ૧૫માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તેઓ દેશના પહેલા આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એન વી રમનાએ તેમને શપથ લેવડાવ્યા. મુર્મૂ ઓડિશાના રહીશ છે. તેઓ અગાઉ ઝારખંડના રાજ્યપાલ પણ રહી ચૂક્યા છે. દ્રૌપદી મુર્મૂ દેશના બીજા મહિલા રાષ્ટ્રપતિ છે, સર્વોચ્ચ બંધારણીય પદ સંભાળનારા તેઓ પહેલાં આદિવાસી મહિલા અને સ્વતંત્ર ભારતમાં પેદા થયેલા પહેલા રાષ્ટ્રપતિ છે. આ ઉપરાંત તેઓ અત્યાર સુધીના જેટલા પણ રાષ્ટ્રપતિ બન્યા તેમાં સૌથી યુવા વયના રાષ્ટ્રપતિ છે. તેમની ઉંમર હાલ ૬૪ વર્ષ છે. શપથ લીધા બાદ તેમણે સંબોધન પણ કર્યું. દ્રૌપદી મુર્મૂએ શપથ લીધા બાદ સંબોધન કરતા કહ્યું કે જોહાર...નમસ્કાર...હું ભારતના સમસ્ત નાગરિકોની આશા-આકાંક્ષા અને અધિકારોના પ્રતિક આ પવિત્ર સંસદથી તમામ દેશવાસીઓનું પૂરેપૂરી વિનમ્રતાથી અભિવાદન કરું છું. તમારી આત્મિયતા, વિશ્વાસ અને તમારો સહયોગ, મારા માટે આ નવી


● અનુસંધાન પાન-૭ પર

## મંકીપોક્સને હળવાશથી ન લો, તકેદારી વધારો : ડબલ્યુએચઓ

**મંકીપોક્સની ઘણી વાતોથી હજુ અજાણ છે ડોક્ટર : સંક્રમણના કેસ વધુ તે પુરૂષોમાં જોવા મળ્યા, જેણે પુરૂષો સાથે સંબંધ બનાવ્યા, તેવામાં તે વસ્તી પર કેન્દ્રીત પ્રયાસ કરી બીમારીને વધુ ફેલાવતા રોકી શકાય છે**

નવી દિલ્હી,તા.૨૫

દક્ષિણ-પૂર્વ એશિયા ક્ષેત્ર માટે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રાદેશિક ડાયરેક્ટરે સભ્ય દેશોમાં મંકીપોક્સનો સામનો કરવા જાગૃતતા વધારવા અને જન સ્વાસ્થ્ય સાથે જોડાયેલા પગલાને મજબૂત કરવાનું રવિવારે આહ્વાન કર્યુ. પ્રાદેશિક ડાયરેક્ટર ડો. પૂનમ ખેત્રપાલ સિંહે કહ્યુ કે મંકીપોક્સ ઝડપથી અન્ય દેશોમાં ફેલાય રહ્યો છે, જ્યાં તેને કેસ સામે આવ્યા નથી. આ એક મોટી ચિંતાનું કારણ છે. તેમણે કહ્યું કે સંક્રમણના કેસ વધુ તે પુરૂષોમાં જોવા મળ્યા, જેણે પુરૂષો સાથે સંબંધ બનાવ્યા. તેવામાં તે વસ્તી પર કેન્દ્રીત પ્રયાસ કરી બીમારીને વધુ ફેલાવતા રોકી શકાય છે, જેને સંક્રમણનો ખતરો વધુ છે. વૈશ્વિક સ્તર પર ૭૫ દેશોમાં મંકીપોક્સના ૧૬૦૦૦થી વધુ કેસ સામે આવ્યા છે. ડબ્લ્યૂએચઓ દક્ષિણ-પૂર્વ એશિયા ક્ષેત્રમાં, મંકીપોક્સના ચાર કેસ સામે આવ્યા છે, જેમાંથી ત્રણ ભારતમાં અને એક થાઈલેન્ડમાં મળ્યો છે. પ્રાદેશિક ડાયરેક્ટરે કહ્યું કે મહત્વપૂર્ણ વાત છે કે



આપણા પ્રયાસ અને પગલા સંવેદનશીલ અને ભેદભાવ રહીત હોવા જોઈએ. વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ ઘેબ્રેયસસે શનિવારે કહ્યુ કે ૭૦થી વધુ દેશોમાં મંકીપોક્સનો પ્રસાર થવો એક અસાધારણ સ્થિતિ છ અને તે હવે વૈશ્વિક ઈમરજન્સી સ્થિતિ છે.

## એમએસએમઈ સેક્ટર હજી બેઠું થઈ શક્યું નથી

**એમએસએમઈ પાસેથી લેણી રકમ ૧૦.૭ લાખ કરોડને વટાવી ગઈ: આ ચૂકવણીમાં વિલંબ ખાનગી ગ્રાહકો, સરકારી વિભાગો અને પીએસયુ તરફથી થઈ રહ્યાનો રિપોર્ટમાં ખુલાસો**

નવી દિલ્હી, તા.૨૫

દેશનું સૌથી આધારસ્તંભ ગણાતું એમએસએમઈ સેક્ટર કોરોના મહામારીના કમરતોડ ફટકાથી હજી પણ સંપૂર્ણપણે બેઠું થઈ શક્યુ નથી. દેશના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) સેક્ટરના વિવિધ કંપનીઓ અને સરકારી વિભાગે પાસેથી વર્ષ ૨૦૨૧ના અંતે લેવાની નીકળતી બાકી રકમ રૂ. ૧૦.૭ લાખ કરોડને વટાવી ગઈ છે. આ ચૂકવણીમાં વિલંબ ખાનગી ગ્રાહકો, સરકારી વિભાગો અને જાહેર ક્ષેત્રના ઉપક્મો એટલે કે પીએસયુ તરફથી થઈ રહ્યાં છે તેવુ એક અહેવાલમાં જણાવાયું છે. માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈસના લેવાના નીકળતાં બાકી લેણાં રૂ. ૮.૭૩ લાખ કરોડ છે જે કુલ બાકી લેણાંની ૮૦ ટકા રકમ છે. કોરોના મહામારીની સૌથી ગંભીર અને પ્રતિકુળ અસરો એમએસએમઈ સેક્ટરને થઈ છે. જેમાં સુક્ષ્મ ઉદ્યોગને સૌથી વધુ ગંભીર અસર થઈ છે અને લેવાના કુલ બાકી લેણાં તેનો હિસ્સો ૬૫.૭૩ ટકા છે.

વર્ષ ૨૦૨૦માં એમએસએમઈ પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારો, કેન્દ્ર, જાહેર સાહસો અને મોટા ઉદ્યોગો પર એમએસએમઈનું સંયુક્ત રીતે કુલ બાકી લેણું રૂ. ૫ લાખ કરોડ હતુ.

## કેટરિના-વિકી કૌશલને મારી નાખવાની ધમકી આપનાર જબ્બે

મુંબઈ, તા.૨૫

અગાઉ બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી, તે પછી વિક્કી કૌશલ અને કેટરીના કૈફને પણ જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. આ મામલે મુંબઈની સાંતાક્રૂઝ પોલીસે તાત્કાલિક તપાસ કરીને ધમકી આપનારા શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે. આ શખ્સે કેટરીનાને ઓનલાઈન ધમકી આપી હતી. જેની ઓળખ મનવિંદર સિંહ તરીકે થઈ છે. આ કેસમાં પોલીસે પ્રાથમિક તપાસ કરતા કેટલીક ચોંકાવનારી વાત જાણવા મળી હોવાનું સામે આવ્યું છે.

પોલીસે ધમકી આપનારા શખ્સ મનવિંદરને થોડા જ કલાકોમાં પકડી પાડ્યો છે. મુંબઈમાં એક સ્ટ્રગલિંગ એક્ટર છે જે ફિલ્મો મેળવવાની ઘણી કોશિશો કરી રહ્યો છે. મનવિંદરે પોલીસની પૂછપરછમાં જણાવ્યું કે તે કેટરીનાના એકતરફી પ્રેમમાં પાગલ છે. તેણે ફેક ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવીને કેટરીનાને અશ્લીલ ધમકી આપી હતી. મનવિંદર લખનૌનો રહેવાસી છે, અને તેણે પોતાના અકાઉન્ટ પર કેટરીનાને પોતાની પત્ની અને ગર્લફ્રેન્ડ ગણાવી હતી. મનવિંદર પોતાની સાથે કેટરીનાના મોર્ફ કરેલા ફોટો પણ પોસ્ટ કરતો હતો.

## વારાણસીના એક ગામમાં શિવ મંદિરમાં તોડફોડથી તંગદીલી

**ઉત્તર ભારતમાં સોમવારની ઉજવણી ડહોળવા પ્રયાસ**

નવી દિલ્હી, તા.૨૫

શ્રાવણ મહિનાના બીજા સોમવારની ઉત્તર ભારતમાં ઉજવણી થઈ રહી છે. તેની વચ્ચે વારાણસીના એક ગામમાં શિવ મંદિરમાં તોડફોડના પ્રયાસના પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા છે.

મળતી વિગતો પ્રમાણે આ મંદિરમાં શિવલિંગ પર ભગવાન શંકરની તસવીર વાળી એક ટાઈલ્સ લગાડવામાં આવી હતી. તેને કોઈ અરાજક તત્વે તોડી નાંખી હતી. આ વાતની જાણકારી થતા મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. લોકોએ પોલીસ સમક્ષ નારાજગી વ્યક્ત કરીને વિરોધ નોંધાવ્યો હતો.

સ્થાનિક લોકો આ પહેલા જ્યારે મંદિરમાં સફાઈ કરવા માટે પહોંચ્યા ત્યારે તેમણે શિવલિંગને નુકસાન પહોંચાડાયુ હોવાનુ જોયુ હતુ અને તેમણે તરત જ સરપંચને જાણ કરી હતી.

## મોંઘવારી વિરૂધ્ધ સૂત્રોચ્ચાર બદલ કોંગીના ૪ સાંસદ સત્ર માટે સસ્પેન્ડ

**મોંઘવારી મુદ્દે વિપક્ષના હોબાળા બાદ લોકસભા સ્થગિત : સ્પીકરે ચેતવણી આપી હતી કે જો તે વિરોધ કરવા ઈચ્છે છે તો ગૃહની અંદર મર્યાદા રાખે અને પ્લેકાર્ડ સાથે વિરોધ કરવો હોય તો સંસદની બહાર કરે**

નવી દિલ્હી, તા.૨૫

લોકસભામાં પ્લેકાર્ડ લઈને મોંઘવારી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા બાદ કોંગ્રેસના ચાર સાંસદોને ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. લોકસભા મંગળવાર, ૨૬ જુલાઈ સવારે ૧૧ કલાક સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. કોંગ્રેસ સાંસદ મણિકમ ટૈગોર, જ્યોતિમણિ, રામ્યા હરિદાસ અને ટીએન પ્રતાપનને ચોમાસુ સત્રમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ગૃહની કાર્યવાહી સ્થગિત કરતા પહેલા અધ્યક્ષની ખુરશી પર બેઠેલા રાજેન્દ્ર અગ્રવાલે કોંગ્રેસના ચાર સાંસદોને હંગામો કરવા માટે નામાંકિત કર્યા. નિયમ ૩૭૪ હેઠળ કોંગ્રેસના ચારેય સાંસદોને ચોમાસુ સત્રના બાકી સમય માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સાંસદ મોંઘવારીને લઈને ગૃહની અંદર




પ્લેકાર્ડની સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યાં હતા. આ પહેલા સ્પીકર ઓમ બિરલાએ તેમને ચેતવણી આપી હતી કે જો તે વિરોધ કરવા ઈચ્છે છે તો ગૃહની અંદર મર્યાદા બનાવી રાખે અને પ્લેકાર્ડ સાથે વિરોધ કરવો હોય તો સંસદની બહાર કરે. લોકસભા અધ્યક્ષે વિપક્ષી સાંસદોને ચેતવણી આપતા કહ્યુ હતુ કે તે બપોરે ૩ કલાક બાદ મોંઘવારીના મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે, પરંતુ ગૃહની અંદર કોઈપણ પ્રકારનો વિરોધ ચલાવી લેવામાં આવશે નહીં. સ્પીકરે કહ્યું- જો તમે પ્લેકાર્ડ દેખાડવા ઈચ્છો છો તો ગૃહની બહાર પ્રદર્શન કરો. હું ચર્ચા માટે તૈયાર છું, પરંતુ મને લાગે છે કે મારી દયા મારી નબળાઈ છે. બાદમાં તેમણે કાર્યવાહી મંગળવાર માટે સ્થગિત કરી દીધી. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહની અંદરની સ્થિતિને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો, જ્યારે વિપક્ષી સાંસદોએ મોંઘવારી, એલપીજીની કિંમતોમાં વધારો અને અન્ય મુદ્દા પર સંદેશાની સાથે પ્લેકાર્ડ પકડી રાખ્યા હતા. ત્યારબાદ સ્પીકરે ચારેય સાંસદોને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો.

## ડબલ ડેકર બસ સાથે બસ ટકરાતાં આઠનાં મોત થયા

લખનૌ, તા.૨૫

ઉત્તર પ્રદેશના પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર બારાબંકીમાં સોમવારે સવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૮ લોકોના મોત થયા છે અને ૨૦ જેટલા મુસાફરો ઘાયલ થયા છે. રોડની બાજુમાં ઉભેલી એક ડબલ ડેકર બસ પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી બીજી ડબલ ડેકર બસ સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. તે જ સ્થળે ૮ મુસાફરોના મોત થયા હતા. જાણવા મળી રહ્યું છે કે, ત્રણ લોકોની હાલત ખૂબ જ ગંભીર છે તેમને લખનૌના ટ્રોમા સેન્ટરમાં રેફર કરવામાં આવ્યા છે.આ ઘટના લોનીકટરા પોલીસ ચોકી વિસ્તારના નરેન્દ્રપુર મદરહા ગામની પાસે બની હતી. મળતી માહિતી પ્રમાણે આ બંને ડબલ-ડેકર બસો બિહારના સીતામઢી અને સુપોલથી દિલ્હી જઈ રહી હતી. જીજ્ઞૈ મનોજ પાંડેય સહિત પોલીસ અને રેસ્ક્યુ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કાર્ય હાથ ધર્યુ હતું. ઘાયલોને સીએચસી હૈદરગઢમાં દાખલ કરવામાં આવ્યા છે અને જે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે તેમને લખનૌ રેફર કરવામાં આવ્યા છે.

## ચીન સાથેની વેપાર ખાધ વધીને ૭૨.૯ અબજ ડોલર

નવી દિલ્હી, તા.૨૫

ભારત અને ચીન વચ્ચે ડોક્લામ ખાતે સરહદી સંઘર્ષ થયા બાદ બન્ને દેશ વચ્ચે એક પ્રકારે શીતયુદ્ધ ચાલી રહ્યું છે. ચીનની વસ્તુઓના બહિષ્કારથી લઈ ભારત સરકારે ચીનની સત્તા ઉપર અંકુશ મુકવા ઈચ્છતા દેશો સાથે રાજદ્વારી સંબંધો વધારે મજબૂત કરવાની શરૂઆત કરી છે. ભારત સરકારે ચીનની કંપનીઓ દ્વારા શરુ કરવામાં આવેલી ૪૦૦ જેટલી મોબાઈલ એપ્લીકેશન ઉપર પ્રતિબંધ પણ મુક્યો છે. જોકે, ભારતના અર્થતંત્રનો ચીન ઉપરનો આધાર ઘટ્યો નથી.

વર્ષ ૨૦૨૦-૨૧માં કોરોનાના કારણે ભારતીય અર્થતંત્ર મંદ પડતા ચીન સાથે આયાત અને વેપારની ખાધમાં ઘટાડો જોવા મળ્યો હતો. પણ ૨૦૨૧-૨૨માં તે ફરી વધી હતી અને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં પણ તેમાં વધારો જોવા મળ્યો હોવાનું દેશના ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સના આંકડા જણાવે છે.

## રાજ્યસભાની બેઠકના નામે ૧૦૦ કરોડની છેતરપિંડી

**છેતરપિંડી કેસમાં ચાર જણાની ધરપકડ : આ સમગ્ર રેકેટ દેશના અનેક રાજ્યોમાં વ્યાપેલું હતું, સીબીઆઈએ અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા**

નવી દિલ્હી, તા.૨૫

કેન્દ્રીય તપાસ એજન્સી (સીબીઆઈ)એ રાજ્યસભાની બેઠક તથા રાજ્યપાલ બનાવવાના નામે લોકો સાથે છેતરપિંડી કરી રહેલી એક દેશવ્યાપી ટોળકીનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકીના સદસ્યો લોકોને મંત્રી પદ કે રાજ્યપાલના પદનું ખોટું વચન આપીને તેમના પાસેથી ૧૦૦ કરોડ રૂપિયા સુધીની રકમ ખંખેરતા હતા.



આ સમગ્ર રેકેટ દેશના અનેક રાજ્યોમાં વ્યાપેલું હતું. સીબીઆઈએ તાજેતરમાં જ આ મામલે અનેક સ્થળોએ દરોડો પાડ્યો હતો અને કૌભાંડમાં સામેલ ૪ લોકોની ધરપકડ કરી લીધી છે. સીબીઆઈ અધિકારીઓના કહેવા પ્રમાણે દરોડા દરમિયાન આ રેકેટ સાથે સંકળાયેલો એક આરોપી ઓફિસર્સ પર હુમલો કરીને ફરાર થઈ ગયો હતો. અધિકારીઓ પર હુમલો કરવાના આરોપસર તેના સામે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અલગથી એફઆઈઆર નોંધાવાઈ છે. સીબીઆઈની એફઆઈઆરમાં મહારાષ્ટ્રના લાતૂરના રહેવાસી કમલાકર પ્રેમકુમાર બંદગાર, કર્ણાટકના બેલગામના રવીન્દ્ર વિઠલ નાઈક, દિલ્હી-એનસીઆરના મહેન્દ્ર પાલ અરોડા, અભિષેક બૂરા તથા મોહમ્મદ એજાઝ ખાનના નામનો ઉલ્લેખ કર્યો છે.

એવો આરોપ છે કે, આ સમગ્ર રેકેટમાં સામેલ બંદગાર લોકોને પોતે સીબીઆઈનો વરિષ્ઠ અધિકારી છે તેમ કહીને ફસાવતો હતો. ઉપરાંત તે ઉંચા હોદ્દાઓ પર આસીન વરિષ્ઠ અધિકારીઓ સાથે સંપર્ક હોવાનો પણ દાવો કરતો હતો. તેણે બૂરા, અરોડા, નાઈક અને ખાનને એવી કામગીરી સોંપી હતી

● અનુસંધાન પાન-૭ પર

